GJMH020199082025

દાખલ તારીખ	૨૭/૦૩/૨૦૨૫
રજીસ્ટ્રેશન તારીખ	૨૦/૦૫/૨૦૨૫
ફેસલ તારીખ	૨૧/૦૮/૨૦૨૬
સમયગાળો	વર્ષ માસ દિવસ

મહેસાણાના બીજા જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ સમક્ષ,
મું. મહેસાણા

ફોજદારી કેસ નં. ૧૧૪૯૮/૨૦૨૫
આંક :-

એચ.ડી.એફ.સી બેન્ક લી ... ફરિયાદી
વતી તેના રેમીડીયર મેનેજર શ્રી કુંદન નવીનચંદ્ર રાણા
ઉ.વર્ષ. ૩૪, ધંધો- નોકરી
રજી. ઓફિસ : મુંબઈ,
બ્રાન્ચ ઓફિસ : બીજા માળે, ઈસ્કોન ગેલેકસી પ્લાઝા,
અવસર પાર્ટી પ્લોટ ની સામે, મોઢેરા રોડ, મહેસાણા-૨.

-:: વિરુદ્ધ ::-

BHARATIBEN SAVJIJI THAKOR ... આરોપી

THAKOR VAS, AT: KHODANA,

TA: PATAN,

DI: PATAN-384285.

ગુનો :- ધ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ્સ એકટ ૨૦૦૭ની કલમ ૨૫ મુજબ

ફરિયાદી તરફે વિ.વ.શ્રી. જે.પી.ત્રિવેદી
આરોપી તરફે વિ.વ.શ્રી. ટી.એન.બારોટ

-:: ઠરાવ ::-

૧. આ કામે ફરિયાદીએ આરોપી વિરુદ્ધ ધ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ્સ એકટ ૨૦૦૭ની કલમ ૨૫ મુજબ ફરિયાદ દાખલ કરેલ છે.

૨. આ કામે ફરિયાદ પક્ષના કેસની ટૂંકી હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી કંપની ધારા ૧૯૫૬ ની જોગવાઈઓ હેઠળ રજીસ્ટ્રર થયેલ બેકિંગ કંપની છે અને ઉપરોકત જણાવેલ સરનામેથી આર.બી.આઈ ગાઈડ લાઈન્સ તેમજ બેકિંગ રેગ્યુલેશન એકટની જોગવાઈ પ્રમાણે જુદા જુદા પ્રકારનો ધીરાણ આપવાનો વ્યવસાય કરે છે. મહેસાણા મુકામે ફરિયાદી બેંકનું એકાઉન્ટ આવેલ છે. ફરિયાદ દાખલ કરનાર ફરીયાદી બેન્ક માં રેમીડીયર મેનેજર છે. તેઓ તેમની ફરજના ભાગરૂપે તથા હોદ્દાની રૂએ ફરીયાદી બેન્ક વતી ફરીયાદમાં સહી કરી દાખલ કરવા તેમજ ફરીયાદને લગતી તમામ આનુષંગિક કાર્યવાહી કરવા માટે અધિકૃત છે. ફરીયાદી બેન્ક ધ્વારા ફરિયાદીને બોર્ડ ઓફ ડીરેકટરના ઠરાવથી અધિકાર આપેલ છે. તે અધિકાર ની રૂઈએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

આરોપીએ ફરીયાદી બેંકમાં પશુ ધિરાણ (SECUARED CATTLE FINANCE) જરૂરીયાત હોઈ આરોપીએ ફરીયાદી બેંકનો સંપર્ક કરેલ અને પશુ ધિરાણ (SECUARED CATTLE FINANCE) મેળવવા માંગણી કરેલ જેથી ફરીયાદી બેંક ધ્વારા આરોપીની જરૂરીયાત મુજબ Date : 27-11-2023 ના રોજ રૂા. 344787/- નું ધિરાણ /લોન આપવામાં આવેલ તે ધિરાણ માસિક હપ્તા પધ્ધતિથી સમયસર તેમજ લોન એગ્રીમેન્ટ અનુસાર ભરપાઈ કરવાની શરતે ધિરાણ આપેલ. જેનો લોન એકાઉન્ટ નંબર : 88855014 છે. જેનો કસ્ટ આઈડી નં. 14137665 છે.

આરોપીએ મેળવેલ ઉપરોકત લોન/ધિરાણ ના માસીક હપ્તા તેમજ લોન અંગેની બાકી રહેતી તમામ લ્હેણી રકમની ચુકવણી અંગે આરોપીના ખાતા નંબર 50100674609602 માંથી ECS/SI ધ્વારા ઓટો ડેબીટ કરી વસુલ કરી શકશો તેવી સંમતિ આપેલ છે.

આરોપીએ આપેલ સંમતીના આધારે ECS/SI ધ્વારા ઓટો ડેબીટ ઈન્સ્ટ્રકશન મુજબ તારીખ:21-02-2025 ના રોજ ફરીયાદી બેંકની કાયદેસરની લેણી રકમ રૂા. 66107.00/- વસુલ મેળવવા અંગે કાર્યવાહી કરતા આરોપીના ખાતામાં પુરતુ ભંડોળ ન હોવાથી "Insufficient Funds" ના શેરા સાથે તારીખ : 21-02-2025 ના રોજનો રીર્ટન મેમો આવેલ છે.

આમ ફરીયાદી બેંક ને કાયદેસરની લેણી રકમ મળેલ નથી.

આમ આરોપીએ ફરીયાદી બેંકની કાયદેસરની લ્હેણી રકમ ચુકવી આપેલ ન હોવાથી આરોપીને રજી.પોસ્ટ.એડી.થી થી તા. : 24–02–2025 ના રોજની કાનુની નોટીસ તા. : 01–03–2025 ના રોજ આપેલ છે. આમ આરોપીને રજી.પોસ્ટ.એડી.થી આપેલ નોટીસ આરોપીના સરનામે તા. : 04–03–2025 ના રોજ નોટીસ બજી ગયેલ છે. આરોપીને નોટીસની બજવણી થયેલ હોવા છતાં આરોપીએ ફરીયાદી બેન્કને લ્હેણી રકમ ચુકવી આપેલ નથી. જેથી ફરિયાદીએ હાલની ફરિયાદ દાખલ કરેલ છે. વિશેષમાં આરોપીને શખ્ત નશ્યત કરવા અને ફરિયાદીને વળતર અપાવવા વિનંતી કરેલ છે.

૩. આ કામના આરોપીને અદાલત દ્વારા પ્રોસેસ ઇસ્યુ કરતા આરોપી અદાલત સમક્ષ હાજર થતા આરોપીને ફરિયાદ તથા સાધનિક કાગળોની નકલો વિનામુલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ આંક–૦૯ થી આરોપીની જુબાની (પ્લી) લેવામાં આવતા આરોપીએ તેની સામેના ગુનાનો ઇન્કાર કરેલ છે.

૪. ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

–:: મૌખિક પુરાવા ::–

આંક	વિગત
૧૬	શ્રી કુંદન નવીનચંદ્ર રાણાનું સરતપાસનું સોગંદનામું

–:: દસ્તાવેજી પુરાવા ::–

આંક	વિગત
૧૯	રીટર્ન મેમો
૨૦	ડીમાન્ડ નોટીસ
૨૧	પોસ્ટલ રીપોર્ટ

૨૨ પોસ્ટલ ટ્રેકીંગ રીપોર્ટ

૨૩ લોન સ્ટેટમેન્ટ

૨૪ ફરિયાદ દાખલ કરવાની ઓથોરીટી

ત્યારબાદ ફરિયાદી તરફે આંક–૨૫ થી પુરાવો પુરો થયા અંગે કલોસીંગ પુરશીષ રજુ કરેલ છે.

પ. આ કામે ફરિયાદ પક્ષનો પુરાવો રજુ થયા બાદ આરોપીના વિશેષ નિવેદનના તબકકે આરોપી હાજર રહેલ ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધી શકાયેલ નથી. જે બાબતે આંક–૧ લગત તા.૦૬/૦૮/૨૦૨૬ના રોજ વિગતવાર હુકમ કરવામાં આવેલ છે.

૬. ફરિયાદી તરફે તેમના વિ.વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે. આરોપી હાજર ન હોય અને તેમના તરફે કોઇ રીપોર્ટ કે રજુઆત ન હોય આરોપીનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે. જે બાબતે આંક–૧ લગત તા.૧૩/૦૮/૨૦૨૬ના રોજ વિગતવાર હુકમ કરવામાં આવેલ છે.

૬.૧ ફરિયાદીના વિ.વકીલશ્રીની રજુઆત છે કે જયારે રેકર્ડ પર ધ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ્સ એકટ ૨૦૦૭ની કલમ ૨૫ મુજબનો ગુનો બનવા માટેના તમામ આવશ્યક તત્વો અસ્તિત્વમાં હોય ત્યારે વિરુદ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી ફરિયાદીની તરફેણમાં એવું અનુમાન કરવાનું હોય છે કે કાયદેસરના કોઈ દેવા અથવા અન્ય જવાબદારીના પૂરેપૂરા અથવા તેના કોઇ ભાગમાંથી બોજા મુકત થવાના બદલામાં પેમેન્ટ ઈન્સ્ટ્રકશન આપવામાં આવેલ છે અને જયારે ફરિયાદીની તરફેણમાં અનુમાન ઉપસ્થિત થાય ત્યારે આરોપીએ પ્રબળ સંભાવનાના ધોરણ મુજબ કાયદેસરના લેણાં કે જવાબદારીનું અસ્તિત્વ નથી તેવો ખંડનાત્મક પુરાવો કે બચાવ રજુ કરવાનો હોય છે. જો આરોપી આ પ્રકારનો ખંડનાત્મક પુરાવો કે બચાવ રજુ ન કરે તો

ફરિયાદપક્ષનો કેસ પુરવાર થયેલ માનવાનો હોય છે.

વધુમાં જણાવેલ છે કે હાલના કેસમાં આરોપી દ્વારા ફરિયાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી કે આરોપી દ્વારા કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. જેથી ફરિયાદીનો કેસ પુરવાર થયેલાનું માની આરોપીને કાયદા મુજબ સજા કરવા અને ફરિયાદીને યોગ્ય વળતર અપાવવા વિનંતી કરેલ છે.

૭. ઉપરોકત હકીકત તથા પડેલા પુરાવો લક્ષમાં લેતા આ કેસના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ પુરવાર કરે છે કે, ધ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ્સ એકટ ૨૦૦૭ની કલમ ૨૫ મુજબ શિક્ષાને પાત્ર ગુનો બનવા માટેના આવશ્યક તત્વો ફરિયાદીની તરફેણમાં અસ્તિત્વમાં છે જેથી આ અદાલતે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ મુજબ ફરિયાદીની તરફેણમાં અનુમાન કરવું જોઈએ ?

(૨) જો મુદ્દા નં. (૧) નો જવાબ હકારમાં આપવામાં આવે તો શું આરોપી પુરવાર કરે છે કે તેણે પ્રબળ સંભાવનાના ધોરણ મુજબ કાયદેસરના લેણાં કે જવાબદારીનું અસ્તિત્વ નથી તેવો ખંડનાત્મક પુરાવો કે બચાવ રજુ કરેલ છે જેથી ફરિયાદીની તરફેણમાં રહેલ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ મુજબના અનુમાનનું ખંડન થયેલ છે અને પુરાવાનો બોજો ફરિયાદી પર તબદીલ થયેલ છે ?

(૩) શું હુકમ ?

૮. ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) નકારમાં

(૩) આખરી હુકમ મુજબ

-:: નિર્ણય માટેના કારણો ::-

મુદ્દા નં. ૧ ની ચર્ચા :-

૯. આ કામે ફરિયાદીએ આરોપી વિરુદ્ધ ધ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ્સ એકટ ૨૦૦૭ની કલમ ૨૫ મુજબ ફરિયાદ દાખલ કરેલ છે. ધ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ્સ એકટ ૨૦૦૭ની કલમ ૨૫(૫) વંચાણે લેવામાં આવે તો નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ, ૧૮૮૧ના પ્રકરણ XVII ની જોગવાઈઓ લાગુ પાડી શકાય તેટલી હદ સુધી ઇલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફરના અનાદરને પણ લાગુ પડશે. નામદાર સર્વોચ્ચ અદાલતના વિવિધ ચુકાદાઓથી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ, ૧૮૮૧ના પ્રકરણ XVII અનુસંધાને એ સિદ્ધાંત પ્રસ્થાપિત થયેલ છે કે ફરિયાદીએ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો આરોપી વિરુદ્ધનો ગુનો પુરવાર કરવા માટે કલમ ૧૩૮માં જણાવેલ ફરજીયાત સ્વરુપની જોગવાઈઓનું પાલન કરવાનું હોય છે અને જયારે રેકર્ડ પર કલમ ૧૩૮ મુજબનો ગુનો બનાવ માટેના તમામ આવશ્યક તત્વો અસ્તિત્વમાં હોય ત્યારે કલમ ૧૩૯ મુજબ વિરુદ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી ચેક ધારકની તરફેણમાં એવું અનુમાન કરવાનું હોય છે કે ચેક ધારણ કરનારે તે ચેક કલમ ૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવા અથવા અન્ય જવાબદારીના પૂરેપૂરા અથવા તેના કોઇ ભાગમાંથી બોજા મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે અને જયારે ફરિયાદીની તરફેણમાં અનુમાન ઉપસ્થિત થાય ત્યારે આરોપીએ પ્રબળ સંભાવવાના ધોરણ મુજબ કાયદેસરના લેણાં કે જવાબદારીનું અસ્તિત્વ નથી તેવો ખંડનાત્મક પુરાવો કે બચાવ રજુ કરવાનો હોય છે. જો આરોપી આ પ્રકારનો ખંડનાત્મક પુરાવો કે બચાવ રજુ ન કરે તો ફરિયાદપક્ષનો કેસ પુરવાર થયેલ માનવાનો હોય છે. જો આરોપી પ્રબળ સંભાવનાના ધોરણ મુજબ ફરિયાદીની તરફેણમાં રહેલ કલમ ૧૩૯ મુજબના અનુમાનનું ખંડન કરી શકે તો પુરાવાનો બોજો ફરિયાદી પર તબદીલ થાય છે અને ફરિયાદીએ પુરવાર કરવાનું હોય છે કે આરોપીએ ફરિયાદીને કાયદેસરના દેણાં/જવાબદારી પેટે ચેક આપેલો હતો. આમ નામદાર સર્વોચ્ચ અદાલતના વિવિધ ચુકાદાઓ તથા નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ, ૧૮૮૧ના પ્રકરણ

XVII ની જોગવાઈઓ ધ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ્સ એકટ ૨૦૦૭ની કલમ ૨૫ મુજબ ફરિયાદને પણ લાગુ પડે છે.

૧૦.૧ આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો વંચાણે લેવામાં આવે તો ફરિયાદ પક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે આંક–૧૬ થી શ્રી કુંદન નવીનચંદ્ર રાણાનું સરતપાસનું સોગંદનામું રજુ રાખેલ છે. તેઓએ પોતાના સરતપાસના સોગંદનામામાં મુખ્યત્વે પોતાની ફરિયાદ હકીકતને સમર્થન આપવા પ્રયત્ન કરેલ છે. જે સોગંદનામું રેકર્ડનો ભાગ હોય પુનરાવર્તન ટાળેલ છે.

૧૦.૨ આંક–૧૬ લગત તા.૨૮/૦૭/૨૦૨૬ના રોજ કરવામાં આવેલ હુકમ મુજબ ફરિયાદીની ઉલટ તપાસ કરવાનો આરોપીનો હકક બંધ કરવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપીએ ફરિયાદીની ઉલટ તપાસ કરવાનો હકક ખોલાવવા કોઈ કાર્યવાહી કરેલ નથી.

૧૧. ધ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ્સ એકટ ૨૦૦૭ની કલમ ૨(સી), ૨(જી) અને ૨૫ વંચાણે લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

(c) "**electronic funds transfer**" means any transfer of funds which is initiated by a person by way of instruction, authorisation or order to a bank to debit or credit an account maintained with that bank through electronic means and includes point of sale transfers, automated teller machine transactions, direct deposits or withdrawal of funds, transfers initiated by telephone, internet and card payment;

(g) "**payment instruction**" means any instrument,

authorisation or order in any form, including electronic means, to effect a payment,—

(i) by a person to a system participant; or

(ii) by a system participant to another system participant;

25. **Dishonour of electronic funds transfer for insufficiency, etc., of funds in the account.**—(1) Where an electronic funds transfer initiated by a person from an account maintained by him cannot be executed on the ground that the amount of money standing to the credit of that account is insufficient to honour the transfer instruction or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with a bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for a term which may extend to two years, or with fine which may extend to twice the amount of the electronic funds transfer, or with both:

Provided that nothing contained in this section shall apply unless—

(a) the electronic funds transfer was initiated for payment of any amount of money to another person for the discharge, in whole or in part, of any debt or other liability;

(b) the electronic funds transfer was initiated in accordance with the relevant procedural guidelines issued

by the system provider;

(c) the beneficiary makes a demand for the payment of the said amount of money by giving a notice in writing to the person initiating the electronic funds transfer within thirty days of the receipt of information by him from the bank concerned regarding the dishonour of the electronic funds transfer; and

(d) the person initiating the electronic funds transfer fails to make the payment of the said money to the beneficiary within fifteen days of the receipt of the said notice.

(2) It shall be presumed, unless the contrary is proved, that the electronic funds transfer was initiated for the discharge, in whole or in part, of any debt or other liability.

(3) It shall not be a defence in a prosecution for an offence under sub-section (1) that the person, who initiated the electronic funds transfer through an instruction, authorisation, order or agreement, did not have reason to believe at the time of such instruction, authorisation, order or agreement that the credit of his account is insufficient to effect the electronic funds transfer.

(4) The Court shall, in respect of every proceeding under this section, on production of a communication from the bank denoting the dishonour of electronic funds transfer, presume the fact of dishonour of such electronic funds transfer, unless and until such fact is disproved.

(5) The provisions of Chapter XVII of the Negotiable Instruments Act, 1881 (26 of 1881) shall apply to the dishonour of electronic funds transfer to the extent the circumstances admit.

Explanation.—For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability, as the case may be.

૧૧.૧ નેગોશિયબેલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ તથા ૧૩૯ વંચાણે લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

138. **Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.**— Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both:

Provided that nothing contained in this section shall apply unless—

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice; in writing, to the drawer of the cheque, within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation.—For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.

139. **Presumption in favour of holder**.—It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section138 for the discharge, in whole or in part, of any debt or other liability.

૧૨. આરોપીની લેવામાં આવેલ પ્લીમાં ફરિયાદ હકીકતવાળું બેંક એકાઉન્ટ આરોપીના નામનું નથી તેવો આરોપી દ્વારા કોઈ બચાવ લેવામાં આવેલ નથી. ત્યારે ફરિયાદ હકીકતવાળું બેંક એકાઉન્ટ આરોપીના નામનું જ હોવાનું માનવાને કારણ રહે છે. તેમજ આ સિવાયની કોઈ હકીકત રેકર્ડ પર

આવેલ નથી.

૧૨.૧ આંક–૧૯ના પેમેન્ટ ઈન્સ્ટ્રકશન રીટર્ન મેમો વંચાણે લેવામાં આવે તો સદર રીટર્ન મેમો તા.૨૧/૦૨/૨૦૨૫ના રોજ "Insufficient Funds" ના શેરા સાથે પરત થયેલ છે. આંક–૨૦ ડીમાન્ડ નોટીસ તથા આંક–૨૧ પોસ્ટલ રીપોર્ટ તથા આંક–૨૨ પોસ્ટલ ટ્રેકીંગ રીપોર્ટ વંચાણે લેવામાં આવે તો તા.૨૪/૦૨/૨૦૨૫ના રોજની ડીમાન્ડ નોટીસ તારીખ ૦૧/૦૩/૨૦૨૫ના રોજ આરોપીને મોકલાવવામાં આવેલ છે જે પેમેન્ટ ઈન્સ્ટ્રકશનનો અનાદર થયાના દિન–૩૦માં મોકલાવવામાં આવેલ હોવાનું જણાય છે. આંક–૨૨ પોસ્ટલ ટ્રેકીંગ રીપોર્ટ વંચાણે લેવામાં આવે તો તા.૦૪/૦૩/૨૦૨૫ના રોજ આરોપીને નોટીસ મળી ગયેલ હોવાનું જણાય છે. આંક–૧ ફરિયાદ વંચાણે લેવામાં આવે તો ફરિયાદીએ તા.૨૭/૦૩/૨૦૨૫ના રોજ ફરિયાદ દાખલ કરેલ છે. જે ફરિયાદ આરોપીને નોટીસ મળી ગયાના દિન–૧૫ બાદ અને ફરિયાદ કરવાનું કારણ ઉત્પન્ન થયાના એક માસમાં દાખલ કરેલ હોવાનું જણાય છે. આમ ધ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ્સ એકટ ૨૦૦૭ની કલમ ૨૫ મુજબ શિક્ષાને પાત્ર ગુનો બનવા માટેના આવશ્યક તત્વો ફરિયાદીની તરફેણમાં અસ્તિત્વમાં છે જેથી આ અદાલતે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ મુજબ ફરિયાદીની તરફેણમાં અનુમાન કરવું જોઈએ. **જેથી મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.**

મુદ્દા નં. ૨ ની ચર્ચા :–

૧૩. જયારે ફરિયાદીની તરફેણમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ મુજબ અનુમાન ઉપસ્થિત થાય ત્યારે આરોપીએ પ્રબળ સંભાવવાના ધોરણ મુજબ કાયદેસરના લેણાં કે જવાબદારીનું અસ્તિત્વ નથી તેવો ખંડનાત્મક પુરાવો કે બચાવ રજુ કરવાનો હોય છે. જો આરોપી આ પ્રકારનો ખંડનાત્મક પુરાવો કે બચાવ રજુ ન કરી શકે તો ફરિયાદપક્ષનો કેસ પુરવાર થયેલ માનવાનો હોય છે. જો આરોપી પ્રબળ સંભાવનાના ધોરણ

મુજબ ફરિયાદીની તરફેણમાં રહેલ કલમ ૧૩૯ મુજબના અનુમાનનું ખંડન કરી શકે તો પુરાવાનો બોજો ફરિયાદી પર તબદીલ થાય છે અને ફરિયાદીએ પુરવાર કરવાનું હોય છે કે આરોપીએ ફરિયાદીની તરફેણમાં કાયદેસરના દેણાં/જવાબદારી પેટે પેમેન્ટ ઈન્સ્ટ્રકશન આપેલ હતી.

૧૩.૧ હાલના કામે આરોપીને પોતાનો બચાવ કરવા વ્યાજબી તક આપવામાં આવેલ છે. ફરિયાદીની ઉલટ તપાસનો આરોપીનો હકક બંધ કરવામાં આવ્યા બાદ આરોપી દ્વારા ફરિયાદીની ઉલટ તપાસ કરવાનો હકક ખોલાવવા કોઈ કાર્યવાહી કરેલ નથી. આરોપી પોતાના વિશેષ નિવેદનના તબકકે પણ હાજર રહેલ નથી અને પોતાનું વિશેષ નિવેદન નોંધાવેલ નથી અને આરોપી પોતાની સામે દાખલ થયેલા કેસ બાબતે માહીતગાર હોવા છતા ગેરહાજર રહેવાનું પસંદ કરેલ છે. જે સમગ્ર હકીકત ધ્યાને લેતા સદર કામે ફરિયાદી દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું ખંડન કરવા આરોપી દ્વારા ફરિયાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી કે આરોપી દ્વારા પોતાના બચાવમાં કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. **જેથી મુદ્દા નં. ૨ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.**

મુદ્દા નં. ૩ ની ચર્ચા :–

૧૪. આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટનો Manoj Vasudev Sompura Versus State Of Gujarat નો ચુકાદો કે જે 2024 (3) GLR 1737 તથા 2023 (3) DCR 363 પર પ્રસિદ્ધ થયેલ છે તેના અગત્યના પેરા વંચાણે લેવા જરુરી જણાય છે જે નીચે મુજબ છે.

1. By way of this petition filed under Articles 226 & 227 of the Constitution of India read with Section 482 of the Code of Criminal Procedure , the petitioner has prayed to quash and set aside the order dated 05.05.2023 passed by the Court of learned Addl. Chief Metropolitan Magistrate, Court

No.34 (N.I.), Ahmedabad in Criminal Case No.1264 of 2014 whereby, the petitioner, original accused, has been convicted for the offence u/s. 138 of the Negotiable Instruments Act, 1881 (for short, the N.I. Act) and has been sentenced to undergo simple imprisonment for six months and to pay compensation of Rs.10 Crores along with interest at the rate of 09% per annum to the respondent-original complainant and in default to undergo further imprisonment for a period of three months.

2. The facts in brief are as under;
The petitioner herein and M/s. Rachana Global Excavation Ltd. had availed Cash Credit Loan of Rs.5 Crores and Term Loans of Rs.4.07 Crores and Rs.3.55 Crores from S.M.E. Branch, Mehesana of respondent-State Bank of India. Subsequently, the petitioner herein and said Firm had failed to repay the amount of loans. The petitioner herein, as authorized person of the said Firm, issued Cheque No.00077 dated 15.03.2014 of Rs.10 Crores in favour of the respondent Bank. However, the same got returned on 18.03.2014 with the endorsement of insufficient funds. After following due process, the respondent Bank filed complaint u/s. 138 of N.I. Act against the petitioner herein and said Firm before the Metropolitan Magistrate Court, Ahmedabad, which was registered as Criminal Case No.1264 of 2014.

2.1 It is the say of the petitioner that the proceedings

before the trial Court were conducted in an ex-parte manner inasmuch as the petitioner was not granted sufficient opportunity to defend himself and hence, the Fundamental Right guaranteed under Article 21 of the Constitution of India stood violated. However, by way of the impugned judgment and order dated 05.05.2023, the trial Court disposed of Criminal Case No.1264 of 2014 by convicting and sentencing the petitioner herein as aforesaid. Hence, this petition.

10. It is pertinent to note that the trial Court has recorded in the impugned judgment and order that the evidence of the complainant came to be closed vide closing purshis Exhibit-31. The Further Statement of the petitioner u/s. 313 of Cr.P.C. was recorded but, it could not be exhibited on the particular date. On the next date, neither the petitioner nor his advocate had remained present and therefore, his Further Statement, which was recorded on the earlier date and was also available on record, could not be exhibited. There is nothing on record to suggest that the petitioner or his advocate had filed any application before the trial Court seeking exemption from the trial proceeding on the date when his Further Statement recorded u/s. 313 of Cr.P.C. was to be exhibited or seeking any modification in the Further Statement recorded on the earlier date before it is exhibited.

11. Before the trial Court, sufficient opportunities were

granted to the petitioner to conduct the cross-examination of the complainant. However, it appears that the petitioner had not availed of any of the opportunities provided by the trial Court to conduct cross-examination of the complainant. The trial Court had even imposed costs upon the petitioner for getting his right to conduct cross-examination of the complainant re-opened but, even thereafter, the petitioner had not availed of the opportunity to cross-examine the complainant for reasons best known to him. Further, the petitioner had not produced any evidence in his defence nor had submitted any oral / written arguments or had examined any witness in his defence.

12. From the above set of facts, it appears that the decision to not remain present on the next date after getting his Further Statement u/s. 313 of Cr.P.C. recorded on the earlier date and to not conduct cross-examination of the complainant in spite of being afforded with sufficient opportunities, was a deliberate or voluntary decision taken by the petitioner. In the interregnum, there is nothing to suggest that the petitioner or his advocate had filed any application requesting the trial Court to grant him an opportunity to record his Further Statement u/s. 313 of Cr.P.C. or to conduct cross-examination of the complainant. The petitioner went into oblivion after the date when his Further Statement u/s. 313 of Cr.P.C. came to be recorded but before it could be exhibited. Therefore,

the trial Court was left with no other option but to conduct the trial in the absence of the petitioner, who had deliberately or voluntarily chosen to evade the trial proceedings. Under these circumstances, there was no reason for the trial Court to issue any warrant against the petitioner, as contended by learned advocate for the petitioner. Moreover, the petitioner had not produced any evidence in his defence or had made any submissions either oral or in writing.

14. Considering the facts and circumstances of the case, this Court is of the opinion that the trial Court was completely justified in passing the impugned judgment and order. The decision to not conduct cross-examination of the complainant in spite of repeated opportunities and to not remain present on the next date of trial when his Further Statement u/s. 313 of Cr.P.C. recorded on the earlier date was to be exhibited was a deliberate, intentional and conscious decision on the part of the petitioner. It was not that the petitioner was not aware about the stage of trial proceedings. However, deliberately, the petitioner had chosen to remain absent from the trial proceedings from the date his Further Statement u/s. 313 of Cr.P.C. was recorded but before it could be exhibited.

૧૫. આમ, આ કામે રેકર્ડ પર આવેલ સમગ્ર હકીકત ધ્યાને લેવામાં આવે તો ધ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ્સ એક્ટ ૨૦૦૭ની કલમ ૨૫

મુજબ શિક્ષાને પાત્ર ગુનો બનવા માટેના આવશ્યક તત્વો ફરિયાદીની તરફેણમાં અસ્તિત્વમાં હોય આ અદાલતે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ મુજબ ફરિયાદીની તરફેણમાં અનુમાન કરેલ છે. જયારે આરોપી કાયદેસરના લેણાં કે જવાબદારીનું અસ્તિત્વ નથી તેવો ખંડનાત્મક પુરાવો કે બચાવ રજુ કરેલ નથી. જે સમગ્ર હકીકત ધ્યાને લેતા આરોપીને તકસીરવાન ઠરાવી મુદ્દા નં. ૩ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-:: હુકમ ::-

૧. આ કામના આરોપી BHARATIBEN SAVJIJI THAKORને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૨૭૮(૨) અન્વયે ધ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ્સ એકટ ૨૦૦૭ની કલમ ૨૫ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૨૧મી, માહે-ઓગષ્ટ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મહેસાણા
તારીખ : ૨૧/૦૮/૨૦૨૬

(હાર્દિકકુમાર પ્રદીપભાઈ ચાવડા)
બીજા જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
મહેસાણા
જી.જે.૦૧૭૩૫

સજા અંગે સાંભળ્યા

૧૬. ફરિયાદપક્ષે વિ.વકીલશ્રીની રજુઆત છે આરોપીને નામદાર કોર્ટ દ્વારા તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય આરોપીને કાયદા મુજબ મહત્તમ સજા ફરમાવવા તથા ફરિયાદીને વ્યાજબી વળતર અપાવવા રજુઆત કરેલ છે.

૧૬.૧ પોકાર કરતા આરોપી હાજર નથી કે આરોપી તરફે કોઈ રીપોર્ટ કે રજુઆત નથી. જેથી સજા બાબતે આરોપીને સાંભળી શકાયેલ નથી. પરંતુ આરોપીએ ચાલતા કામે રુપિયા ૩૫,૦૦૦/- જમા કરાવ્યા બાબતે આંક-

૧૨થી પુરશીષ રજુ કરી સાથે તા.૧૭/૦૬/૨૦૨૬ના રોજની ડીપોઝીટ સ્લીપની રસીદ રજુ રાખેલ છે. જે બાબતે ફરિયાદી દ્વારા કોઈ તકરાર લેવામાં આવેલ નથી. જે હકીકત ધ્યાને લેવી જરુરી બને છે.

૧૭. નામદાર સર્વોચ્ચ અદાલતનો R.Vijayan Versus Baby નો ચુકાદો કે જે 2012 (1) SCC 260 તથા 2011 (11) Scale 550 પર પ્રસિદ્ધ થયેલ છે તેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે સજા, દંડ અને વળતર બાબતે માર્ગદર્શન આપેલ છે તેના પેરા ૧૫ તથા ૧૬ વંચાણે લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

> 15. *The apparent intention is to ensure that not only the offender is punished, but also ensure that the complainant invariably receives the amount of the cheque by way of compensation under section 357(1)(b) of the Code.* Though a complaint under section 138 of the Act is in regard to criminal liability for the offence of dishonouring the cheque and not for the recovery of the cheque amount, (which strictly speaking, has to be enforced by a civil suit), in practice once the criminal complaint is lodged under section 138 of the Act, a civil suit is seldom filed to recover the amount of the cheque. *This is because of the provision enabling the court to levy a fine linked to the cheque amount and the usual direction in such cases is for payment as compensation, the cheque amount, as loss incurred by the complainant on account of dishonour of cheque, under section 357 (1)(b) of the Code and the provision for compounding the offences*

under section 138 of the Act. Most of the cases (except those where liability is denied) get compounded at one stage or the other by payment of the cheque amount with or without interest. Even where the offence is not compounded, the courts tend to direct payment of compensation equal to the cheque amount (or even something more towards interest) by levying a fine commensurate with the cheque amount. A stage has reached when most of the complainants, in particular the financing institutions (particularly private financiers) view the proceedings under section 138 of the Act, as a proceeding for the recovery of the cheque amount, the punishment of the drawer of the cheque for the offence of dishonour, becoming secondary.

16. Having reached that stage, if some Magistrates go by the traditional view that the criminal proceedings are for imposing punishment on the accused, either imprisonment or fine or both, and there is no need to compensate the complainant, particularly if the complainant is not a 'victim' in the real sense, but is a well-to-do financier or financing institution, difficulties and complications arise. In those cases where the discretion to direct payment of compensation is not exercised, it causes considerable difficulty to the complainant, as invariably, by the time the criminal case is decided, the limitation for

filing civil cases would have expired. As the provisions of Chapter XVII of the Act strongly lean towards grant of reimbursement of the loss by way of compensation, the courts should, unless there are special circumstances, in all cases of conviction, uniformly exercise **the power to levy fine upto twice the cheque amount (keeping in view the cheque amount and the simple interest thereon at 9% per annum as the reasonable quantum of loss)** and direct payment of such amount as compensation. Direction to pay compensation by way of restitution in regard to the loss on account of dishonour of the cheque should be practical and realistic, which would mean not only the payment of the cheque amount but interest thereon at a reasonable rate. Uniformity and consistency in deciding similar cases by different courts, not only increase the credibility of cheque as a negotiable instrument, but also the credibility of courts of justice.

૧૮. ધ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ્સ એકટ ૨૦૦૭ની કલમ ૨૫ મુજબના ગુના સબબ બે વર્ષ સુધીની કેદની અથવા રીટર્ન મેમોની રકમથી બમણી રકમના દંડ સુધીની અથવા તે બંને શિક્ષાની જોગવાઇ કરવામાં આવેલ છે. જયારે કેસ સમરી ટ્રાયલ તરીકે ચાલેલ હોય ત્યારે મેજીસ્ટ્રેટ એક વર્ષ સુધીની કેદની શિક્ષા કરી શકે છે. જો કે સદર જોગવાઇનો મુખ્ય ઉદ્ધેશ પેમેન્ટ ઈન્સ્ટ્રકશન ધારકને વળતર અપાવવાનો છે અને શિક્ષાત્મક જોગવાઈનો મુખ્ય ઉદ્ધેશ વળતરના ઉદ્ધેશને અસરકારક બનાવવાનો છે. આ ઉપરાંત આ કોર્ટના ધ્યાન પર આવેલ છે કે ઘણી બેંક

અને ફાયનાન્સ કંપનીઓ દ્વારા એકજ લોન વ્યવહાર અનુસંધાને હપ્તાની બાકી રકમ તેમજ સમગ્ર લોનની બાકી રકમ વિગેરે માટે એક જ લોન વ્યવહાર અનુસંધાને જ એક કરતા વધારે ફરિયાદ દાખલ કરવામાં આવે છે પરંતુ ફરિયાદમાં અગાઉ દાખલ કરવામાં આવેલ ફરિયાદ બાબતે કોઈ હકીકત જણાવવામાં આવતી નથી. તેમજ ફરિયાદ સમગ્ર લોનની બાકી રકમ માટે દાખલ કરવામાં આવેલ છે કે માત્ર હપ્તાની બાકી રકમ માટે તે હકીકત પણ ફરિયાદમાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવતી નથી. જેથી આરોપીને કેદની સજા ન કરતા માત્ર દંડની સજા અને દંડની રકમ ન ભરે તો દંડ ન ભરવા બદલ કેદની સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેવું આ અદાલતનું નમ્ર પણે માનવું છે. જે સમગ્ર હકીકત તથા વળતર બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતનો ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા મુદ્દા નં. ૩ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-:: હુકમ ::-

૧. આ કામના આરોપી BHARATIBEN SAVJIJI THAKORને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૨૭૮(૨) અન્વયે ધ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ્સ એકટ ૨૦૦૭ની કલમ ૨૫ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા.૪૦,૦૦૦/- (અંકે રૂપીયા ચાલીસ હજાર પુરા)નો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો માસ-૬(છ)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૪૬૪(૧)(એ) મુજબ આરોપીએ દંડની રકમ દિન-૩૦(ત્રીસ)માં અત્રેની કોર્ટમાં જમા કરાવવી.

૩. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૩૯૫(૧)(બી) મુજબ આરોપીએ ભરેલ દંડની રકમ ફરિયાદીને વળતર પેટે અપીલ સમય વિત્યે ચુકવી આપવી.

૪. આજરોજ આરોપી હાજર ન હોય ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૪૦૪(૧) મુજબ આરોપીને આ હુકમની નકલ આપી શકાયેલ

નથી.

૫. આરોપી દંડની રકમ દિન–૩૦(ત્રીસ)માં અત્રેની કોર્ટમાં જમા ન કરાવે તો આરોપીને દંડ ન ભરવા બદલ કરવામાં આવેલ સજાની અમલવારી કરવા સારુ આરોપી વિરુદ્ધ પકડ વોરંટ ઇસ્યુ કરી બજવણી અર્થે નોડલ ઓફીસરશ્રી, પાટણનાઓને યાદી સાથે મોકલવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૨૧મી, માહે–ઓગષ્ટ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મહેસાણા
તારીખ : ૨૧/૦૮/૨૦૨૬

(હાર્દિકકુમાર પ્રદીપભાઈ ચાવડા)
બીજા જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
મહેસાણા
જી.જે.૦૧૭૩૫